નિયામકશ્રી(અ.જા.ક) હસ્તકની ક્લાર્ક(વર્ગ-૩) સંવર્ગની કુલ-૭૭ જગ્યાઓ ૧૧ માસ અથવા સીધી ભરતી/ બઢતીથી નિયમિત ઉમેદવાર/ કર્મચારી ઉપલબ્ધ ના થાય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી આ જગ્યાઓ પર **GeM** મારફતે આઉટસોર્સીંગથી માનવબળ મેળવવા બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: **SJED/EOD/e-file/17/2022/2118/J Section**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૩/૧૨/૨૦૨૫

<u>વંચાણમાં લીધા:-</u>

(૧) સા.ન્યા. અને અ.વિ. નો તા.૦૧-૧૨-૨૦૨૩ અને ૨૮-૧૧-૨૦૨૪ નો ઠરાવ ક: **SJED/EOD/e-file/17/2022/2118/J Section**

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા:૧૨-૧૧-૨૦૨૫ નો પત્ર નં:અજાક/મકમ/૪/૯૮૭/૨૦૨૫/ક.

<u>આમુખ:-</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવથી અગાઉ નિયામકશ્રી(અ.જા.ક) હસ્તકની કલાર્ક(વર્ગ-૩) સંવર્ગની કુલ-૧૨૭ જગ્યાઓ ૧૧ માસ અથવા સીધી ભરતી/ બઢતીથી નિયમિત ઉમેદવાર/ કર્મચારી ઉપલબ્ધ ના થાય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી આ જગ્યાઓ પર **GeM** મારફતે આઉટસોર્સીંગથી માનવબળ મેળવવા બાબતની મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) ની નિયામકશ્રી (અ.જા.ક.) ની દરખાસ્તથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, હેઠળની જુ.કલાર્ક (વર્ગ-૩) સંવર્ગની સીધી ભરતીના ફાળાની ખાલી કુલ-૭૭ જગ્યાઓ ૧૧ માસ અથવા સીધી ભરતી/ બઢતીથી નિયમિત ઉમેદવાર/ કર્મચારી ઉપલબ્ધ ના થાય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી આ જગ્યાઓ પર **GeM** મારફતે આઉટસોર્સીંગથી માનવબળ મેળવવાની મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, હેઠળની જુ.કલાર્ક (વર્ગ-૩) સંવર્ગની ખાલી કુલ-૭૭ જગ્યાઓ ૧૧ માસ અથવા સીધી ભરતી/ બઢતીથી નિયમિત ઉમેદવાર/ કર્મચારી ઉપલબ્ધ ના થાય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી આ જગ્યાઓ પર **GeM** મારફતે આઉટસોર્સીંગથી માનવબળ મેળવવા નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

(૧) સીધી ભરતી કે બઢતીથી નિયમિત કર્મચારી ઉપલબ્ધ થયેથી આઉટસોર્સીંગની સેવાનો અંત લાવવાનો રહેશે.

(૨) ઉકત થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ પાડવાનો થાય છે.

માંગણી ક્રમાંક : ૦૯૫

મુખ્ય સદર : ૨૨૨૫ અનુ. જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ

પેટા મુખ્ય સદર : ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ

ગૌણ : **001 Direction and Administration**

પેટા સદર : **05 SCW-23 Strengthen Of Administrative Mechanism at all level (137465)**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ–ફાઈલ ઉપર અગ્રસચિવશ્રી(સા.ન્યા અને અ.વિ) ની તા.૦૩/૧૨/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

RKNinama

(રોહિત નિનામા)

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ–૧,સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાનામંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ–૨,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ–૨૦૨૫